# જળ સિંચન માટે સૌરાષ્ટ્રમાં નર્મદા અવતરણ યોજના શરૂ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્રમાં કૃષિ અર્થતંત્રની કાયાપલટ કરનારી નર્મદા આધારિત મહત્વાકાંક્ષી જળસિંચનની સૌની યોજનાનું ખાતમુર્હુત કરતા સરદાર સરોવર ડેમ ઉપર દરવાજા મુકવા માટે કેન્દ્ર સરકાર, રાજકારણ વચ્ચે લાવ્યા વગર તાત્કાલીક મંજુરી આપે એવો પુનઃ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

મહેરબાની કરીને ગુજરાતના ખેડૂતોની આડે આવવાને બદલે નર્મદા યોજનાના ડેમના દરવાજા મુકવાની મંજુરી મળે તે આજના સમયની માંગ છે એમ તેમણે સ્પષ્પણે જણાવ્યું હતું. રાજકોટમાં સૌની યોજનાના કાર્યારંભ સમારંભમાં મુખ્યમંત્રીએ નર્મદા યોજનાને રાજકારણથી પર પાખવાના તેમના અભિગમનો પુનરોચ્ચાર કર્યો હતો. નર્મદાના પૂરના એક મીલીયન એકરફીટ વધારાના પાણીનો જળસંચય માટે ઉપયોગ કરવા, સૌરાષ્ટ્ર નર્મદા અવરણ ઈરીગેશન યોજના-સૌની યોજનાની ઘોષણા મુખ્યમંત્રીએ રાજકોટમાં ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ કિસાન સંમેલનમાં કરી હતી. આજે તેનું ખાતમુર્હુત પણ મુખ્યમંત્રીના હસ્તે થયું છે.

સૌની યોજનામાં નર્મદાની કુલ ૧૧૨૬ કિમી ચાર લિન્ક લીફ્ટ પાઈપલાઈનો દ્વારા ૧૧૫ ડેમમાં નાખીને ૧૦.૨૩ લાખ એક જેટલો વિસ્તાર સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. સૌની યોજના સૌરાષ્ટ્રના બધા જ ૧૧ જિલ્લાઓની ધરતીને ખેતીવાડીથી હરિયાળી બનાવતી સૌની યોજના માટે રૂા. ૧૦૮૬૧ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

ગુજરાતમાં ખેતીને અને આધુનિક જળસંચયમાં એગ્રીએક અને એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ભાર મુકતા મુખ્યમંત્રીએ માત્ર પરંપરાગત ખેતીથી અર્થતંત્ર સમૃદ્ધ થવાનું નથી. ખેતીમાં મુલ્યવર્ધિતની નિકાસની આખી પદ્ધતિ ઉભી કરવાની રાજ્ય સરકારની કૃષિ નીતિની વિગતવાર ભૂમિકા આપી હતી. કપાસના મુલ્યવર્ધક અને વિકાસ માટે તેમણે એગ્રોબેઈઝ ઈન્ડસ્ટ્રીઝ, ગ્રીનહાઉસ નેટહાઉસ તથા નિયમિત ખેતી, પશુપાલન તથા વૃક્ષની ખેતીને સમાન હિસ્સે વિકસાવી કૃષિ અર્થતંત્ર નર્મદા યોજના કોઈ એક સરકાર, કોઈ એક મુખ્યમંત્રી કે કોઈ પક્ષની નથી તેમ ભારપૂર્વક પૂનરોચ્ચાર કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે નર્મદા યોજના રાજકારણથી પર છે પરંતુ નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમ સંપૂર્ણપણે પૂરો કરવા ડેમના દરવાજા મુકવાની પરવાનગી ભારત સરકાર આપે તે માટે આ સરકાર બધી જ ક્રેડીટ આપવા તૈયાર છે. પંડિત નેહરૂએ ૪૫ વર્ષ પહેલા સરદાર સરોવર યોજનાનો પાયો નાંખ્યો ત્યારથી અત્યાર સુધી આ યોજના વિવાદમાં મુકવાના કારણો જનતા સમજે છે પરંતુ હવે ડેમ પુરો થયો છે ત્યારે દરવાજા મુકવાની મંજુરી કાંઈ જ વ્યાજબી કારણવગર નથી મળતી ત્યારે દુઃખ થાય છે. આમાં કોઈ રાજકારણ નથી, ખેડૂતો અને પશુઓનું, ગુજરાતના વિકાસની ભલાઈનું જ કારણ છે પરંતુ ગુજરાતના ખેડૂતોના અરમાનોને વેરણછેરણ ના કરો એવી હૃદયસ્પર્શી અપીલ તેમણે કરી હતી. ગુજરાતમાં આધુનિક ખેતી માટે સદાય તત્પર એવા ખેડૂતોને આજે પણ નર્મદાના પાણીમાંથી માત્ર ૬૦ ટકા વપરાશ છે અને ડેમના દરવાજા મુકવાથી નર્મદા યોજનાના પાણીનો વિકાસ માટે પૂરેપૂરો ઉપયોગ થઈ શકશે એમ તેમણે જણાવ્યું હતું. ગામોગામ ખેડૂતોને પ્રશિક્ષિત કરવાનું અભિયાન ઉફાડવા તેમણે આહવાન કર્યું હતું.



ભાવનગર જિલ્લાના મહુવા ગામે બીએપીએસ સંસ્થા દ્વારા પંચ શિખરના ભવ્ય મંદિરની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી. નેશનલ હાઈવે નં. ૫૧ બાયપાસ પર મોખરાના સ્થાને ૭ એકરમાં નિર્મિત આ મંદિરમા સુંદર બાગબગીચા અને ભારતીય શિલ્પ સ્થાપત્ય કલા કારીગરી અને બારીક કોતરણી કરાઈ છે.

તા. ૧૭મી ફેબ્રુઆરીએ સંસ્થાના સંતો મહંતોની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચારથી મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરાઈ હતી. આ કાર્યક્રમમાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, મહુવાના ધારાસભ્ય ભાવનાબેન મકવાણા, પૂર્વ મંત્રી રામેશ્વર પટેલ સહિત અનેક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા મંદિરોમાં ચલાવાતી સમાજોધ્ધારક પ્રવૃત્તિઓની આગેવાનોએ પ્રશંસા કરી હતી.

આ મંદિરના નિર્માણમાં રાજસ્થાનના બંસી પહાડપુરના ગુલાબી પથ્થરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૭૦ ફુટ ઉંચાઈ ધરાવતા આ મંદિરમાં ૧૫૦થી વધુ સ્તંભો અને ૧૩ કલાત્મક ઘુમ્મટો આવેલા છે અને કયાંય સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

## હિંમતનગર ખાતે ત્રણ જિલ્લાઓના લીઝ ધારકો માટે સેમિનાર યોજાયો

હિંમતનગર, તા.૧૭

હિંમતનગર ખાતે સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાના લીઝધારકોમાં ખનન, વહન અને પર્યાવરણ અંગે જાગૃતિ માટે કમિશનરશ્રી, ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગ, ગાંધીનગર દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ, ગાંધીનગર તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરના કુલ ૧૩ અધિકારીઓએ હાજર રહી પ્રેઝન્ટેશન આપેલ. આ સેમિનારમાં કુલ ૧૩૨ લીઝધારકો સહિત માઈનિંગ સેકટર સાથે સંકળાયેલા વિવિધ એસોસિએશનના હોદ્દેદારો હાજર રહેલ. એન્વયારમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ, માઈનિંગ ઓફ મિનરલ્સ એન્વાયરમેન્ટ કલીયરન્સ અને કરંટ ઈસ્યુઝ, ઈ ગવર્નન્સ તથા ખનિજ વહીવટ, માઈનિંગના નિયમો અને ગેરકાયદેસરના ખાણકામ જેવા વિષય પર આપવામાં આવેલા પ્રેઝન્ટેશનના અંતે પ્રશ્ન-જવાબ સેશન રાખવામાં આવેલ. જેમાં લિઝધારકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને અધિકારીઓ દ્વારા લિઝધારકોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવમાં આવેલ. લિઝધારકોદ્વારા અલગ અલગ સુચનો પણ આપવામાં આવેલ. હાલમાં પર્યાવરણ અને બિનઅધિકૃત ખનનો વિષય રાષ્ટ્રીય સ્તરે પણ ચર્ચામાં હોઈ આ પ્રકારના સેમિનારથી લિઝધારકોમાં માહિતીનો સંચાર થયેલ અને આવા સેમિનાર લિઝધારકોને ઉપયોગી થશે.

## પ્રાંતિજના ઉછા ગામની સેવા મંડળીમાં ચોકસી અધિકારીની નિમણુંક

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઉંછા ગામે આવેલ સહકારી સેવા મંડળીમાં ગેરરીતીની ફરિયાદો ઉઠવા પામી હતી. જેને પગલે ઉચ્ચ કક્ષાએ સભાસદોએ રજુઆત કરતા આખરે જિલ્લા રજીસ્ટ્રારે સેવા મંડળીમાં ચોકસી અધિકારીની નિમણુંક કરતાં સભાસદોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

ઉંછા ગામની ગ્રુપ સેવા સહકારી મંડળીમાં ધિરાણ બાબતે ગેરરીતિઓ અને પેટા નિયમનનો ભંગ કરવામાં આવતો હતો. જાગૃત સભાસદોએ આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી. રજુઆતને પગલે જિલ્લા રજીસ્ટ્રાર આર.એમ. આસોડીયાએ મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૬ અન્વયે ચોકસી અધિકારી તરીકે બી.કે. ગોરની નિમણુંક કરી છે. આ ચોકસી અધિકારીએ અરજી તપાસી ચોકસી અહેવાલ એક માસમાં રજુ કરવાનો આદેશ કરતાં કિસાનો-ગરીબોમાં હર્ષની લાગણી વ્યાપી છે.



તલોદ તાલુકાના હરસોલ ગૃપ સેવા સ. મંડળીના નવનિર્મિત મકાનનો ઉદ્ઘાટન સમારોહ અને મંડળીમાં સાડાચાર દાયકાથી ફરજ બજાવતા હાફીજજી વ્હોરાનો વિદાય સમારોહ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પ્રમુખપદે સંપન્ન થયો. જેનું દિપ પ્રાગટ્ય ઉદ્ઘાટન 'સાકો બેન્ક'ના ચેરમેન અમીચંદભાઈ પટેલે કર્યું હતું. સમારોહમાં અનેક સમાજના પ્રજાજનો નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર જીતુ ત્રિવેદી, તલોદ)

## મહેસાણામાં પીકઅપ જીપની ટક્કરથી વૃદ્ધાનું મોત

મહેસાણા, તા. ૧૭

મહેસાણા ખાતેના રાધનપુર રોડ પર બપોરના સુમારે પૂરપાટ વેગે દોડી રહેલી એક પીક્પ જીપે એક આધેડ શ્રમિક મહિલાને જોરદાર ટક્કર મારતા મહિલાનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું.

મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના વતની અને મહેસાણા શહેરમાં મજૂરી કામ કરતા કંકુબેન તાબીયાર બપોરના સમયે રાધનપુર રોડ પરના એક પાર્ટી પ્લોટ આગળ કામ કરી રહ્યા હતા ત્યારે તેમને પૂરપાટ વેગે દોડી રહેલા એક પીકઅપ ડાલાએ જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે વૃદ્ધાને શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. પોલીસે આ બનાવ અંગે પીકઅપ ડાલાના ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## સહકારી અગ્રણી લાલચંદ પટેલનો અમૃત મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

મહેસાણા અને પાટણ જિલ્લાના સહકારી અગ્રણી તેમજ તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ લાલચંદભાઈ પટેલે ૭૫ વર્ષ પુરા કરતા તેમનો અમૃત મહોત્સવ યોજાયો હતો. આ મહોત્સવ સિદ્ધપુર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ અમૃત મહોત્સવમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ, અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા મધ્યસ્થ કો. ઓપ. બેંકના ચેરમેન નટવરલાલ પટેલ, સાંસદ જગદીશ ઠાકોર, સાહિત્યકાર દેવેન્દ્ર પટેલ, સિદ્ધપુરના ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂત, પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતી ડૉ. આર.એલ. ગોડારા સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ લાલચંદભાઈ પટેલના સહકારી અને શૈક્ષણિક ક્ષેત્રના યોગદાનને બિરદાવ્યુ હતુ તેમજ તેમના વતનના લોકો તરફથી સન્માનપત્ર એનાયત કરાયું હતું.



સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે બાવનગોળ કડવા પાટીદાર સમાજનો ૨૧મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૪૯ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડયા હતા. આજે યોજાયેલા આ લગ્નોત્સવમાં સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ બાવન ગોળ કડવા પટેલ સમાજનો ૨૧મો સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી રંગે ચંગે યોજાયો હતો. આ સમૂહલગ્નોત્સવમાં ૪૯ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ પ્રસંગે સમાજના પ્રમુખ બાબુભાઈ પટેલ, રસિકભાઈ પટેલ, વાસુભાઈ પટેલ વગેરે અગ્રણીઓ સહિત હિંમતનગરથી જિલ્લા ડીવાયએસપી, કલેકટર અને ગૃહ સચિવ તથા પ્રાંતિજના પી.આઈ. ભરત પટેલ વગેરેએ ઉપસ્થિત રહી નવદંપતિઓને આર્શીવાદ પાઠવ્યા હતા. આ સમુહ લગ્નોત્સવમાં સમાજના રીત રિવાજ મુજબ યુગલો ધાર્મિક વિધિથી જોડાયા હતા તેમજ આયોજકો દ્વારા સુંદર વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



### વાલ્મીકી સમાજનો સત્કાર સમારંભ યોજાયો

તાજેતરમાં હિંમતનગરમાં વાલ્મીકી સમાજનો સત્કાર સમારંભ યોજાયો હતો. મેડીકલ ઓફીસર શ્રી પી.કે. ગોહીલ, સંતશ્રી ડાહ્યારામ બાપુ મુખ્ય મહેમાન શ્રી ગોરધનભાઈ રાઠોડ, શ્રી ડી.એચ. સોલંકી રાંધેજા અને મહામંત્રીશ્રી એ.કે. રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા વાલ્મિકી સમાજ આયોજન અને તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. હાજર તમામ વડીલો વિદ્યાર્થીઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમ પ્રમુખશ્રી આર.કે. ચૌહાણ જણાવે છે.

## ડાંગરવા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૭

સમય પ્રણાલી પ્રમાણે આરોગ્ય સેવાઓનો લાભ વધતા અધ્યતન સુવિધાઓ યુક્ત આરોગ્ય કેન્દ્રો થકી રાજયના નાગરીકોને શ્રેષ્ઠતમ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ છે.

સૌના આરોગ્યના ધ્યેયને ધ્યાનમાં લઈને ગ્રામ્ય આરોગ્ય સેવાઓ વધુ સુદૃઢ બનાવી તેના લાભો છેક છેવાડાના માનવીને મળતા થાય એ માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે આમ રાજયના આરોગ્ય વ નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ડાંગરવા ખાતે રૂ. ૯૭ લાખના માતબર ખર્ચે નવનીર્મિત અદ્યતન સેવા-સુવિધા ધરાવતુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડાંગરવા ગામ અને તેની આસપાસના ગામોની જનતાની સેવામાં ખુલ્લું મૂકતા જણાવ્યું હતું.

મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે મહેસાણાના લોકસભાના સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ સ્થાનિક પૂર્વદાતાશ્રી ગુણવંતલાલ શાહ અને અન્ય ગણ માન્ય અતિથિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં તબીબી સારવાર સુવિધા ધરાવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ખુલ્લુ મુકતા આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેલ મહેસાણાના સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલે રાજ્યના આરોય સેવાઓની જાણકારી આપી. તેમના સાંસદ ફંડમાંથી શક્ય તેટલા સહાય છેલ્લા પાંચ વર્ષના તેમના કાર્યકાર દરમ્યાનની જાણકારી આપી હતી.

જયારે આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ડાંગરવાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પૂર્વદાતાશ્રી ગુણવંતભાઈ શાહનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અધિકારીઓ, વિવિધ પદાધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ જાયન્ટસ ગૃપનો શપથ વિધિ સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજ ખાતે સમગ્ર તાલુકામાં જુદી જુદી સેવાઓ માટે કાર્યરત જાયન્ટસ ગ્રુપના નવા વરાયેલા બોર્ડ ઓફ ડિરેકટર્સ અને નવા સભ્યોની શપથવિધિ યોજાઈ હતી. આ શપથવિધિ સમારંભ આર્શવાદ



સોસાયટીમાં યોજાયો હતો.

નવા વરણી કરાયેલા બોર્ડ ઓફ ડિરેકટર્સમાં પ્રમુખ તરીકે રાજુભાઈ શાહને રીપીટ કરાયા હતા. જયારે જાયન્ટસ ગૃપ પ્લેટિનમના પ્રમુખ તરીકે ભાવિકભાઈ ખમારની વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં અનીશભાઈ દેસાઈએ ગત વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રવૃત્તિઓમાં બેટી બચાવો-બેટી વધાવો, બ્લડ ડોનેશન કેમ્પ, દેહદાન, ચક્ષુદાન વગેરેનો સમાવેશ થાય છે. પ્રાંતિજ જાયન્ટસ ગ્રુપના સ્થાપક ડૉ. એન. કે. ડેરિયાએ નવા જોડાયેલા સભ્યોને વિવિધ યોજનાઓ અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા તાલુકાના નારણપુરગામમાં એક નોટ કમળને વોટ ધનસંગ્રહ અભિયાન કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં એક નોટ-કમળને વોટ ધનસંગ્રહ અભિયાન કાર્યક્રમ યોજાયો .ભિલોડા ભાજપ હોદ્દેદાર જયપ્રકાશભાઈ ખરાડી, કાંતીલાલ ખાંટ સહિત ભાજપ કાર્યકરોએ જણાવ્યું હતું કે ભાજપા ભારત દેશની રાજનીતીને શુધ્ધ કરી લોકશાહીને મજબુત કરવા માગે છે. ભાજપા જન-જનનો સહયોગ ઈચ્છે છે.સૌનો સાથ-સૌનો વિકાસના મંત્રને જનભાગીદારી ધ્વારા રાષ્ટ્ર નિર્માણથી યર્થાથ કરી સહભાગી બનવા સૌને અપીલ કરેલ હતી. નઈ સોચ-નઈ ઉમ્મીદના નારાને સાર્થક કરવા જઈ રહી છે ત્યારે આવનારી ૨૦૧૪ લોકસભાની ચુંટણી કોઈ સામાન્ય ચુંટણી નહી પરંતુ રાષ્ટ્રની પ્રગતીની નવી દિશા નક્કી કરવાનો રાષ્ટ્રીય પર્વ બનશે. ગુજરાત રાજયની તમામ જનતાને ગર્વ થાય તેવો માહોલ બન્યો છે. મજબુત રાષ્ટ્રના નિમાર્ણ માટે નરેન્દ્રભાઈ મોદી ભારત દેશના વડાપ્રધાન બનાવવા એક ગુજરાતી તરીકે એક નોટ-કમળને વોટ અભિયાન કાર્યક્રમ પ્રસંગે ભાજપના હોદેદદારો, કાર્યકરો, ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન